
હિતેશ પટેલ

# માંડવી-અરેઠ તા.પં. શાસકો માટે આજે સત્તાવાર વરણી

માંડવીઃ માંડવી અને અરેઠ તાલુકા પંચાયતમાં સત્તાનાં સૂત્રો સંભાળવા માટે ભાજપ દ્વારા કવાયત તેજ કરી દેવામાં આવી છે. પ્રદેશ સંગઠન દ્વારા પ્રમુખ-ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારો માટેના મેન્ડેટ જાહેર કરાતાં જ સ્થાનિક ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ અને પ્રભારી દિનેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં તાલુકા પંચાયતોના વિવિધ પદો માટે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા ઉત્સાહભેર સંપન્ન થઈ હતી. જિલ્લા સંગઠન દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર મેન્ડેટ અનુસાર અરેઠ તાલુકા પંચાયત માટે પ્રમુખ તરીકે મુકેશભાઈ દશાભાઈ ચૌધરી, ઉપપ્રમુખ તરીકે રક્ષાબેન પ્રિતેશભાઈ ચૌધરી, કારોબારી અધ્યક્ષ તરીકે નવીનચંદ્ર રણછોડભાઈ પટેલ, પક્ષના નેતા તરીકે મનીષાબેન મુકેશભાઈ ગામીત તથા દંડક તરીકે અનિતાબેન નરેન્દ્રભાઈ લાડનાં નામોની જાહેરાત સાથે ફોર્મ ભરવામાં આવ્યાં હતાં. બીજી તરફ માંડવી તાલુકા પંચાયત માટે પ્રમુખ પદે શારદાબેન કમલેશભાઈ વસાવા, ઉપપ્રમુખ પદે રીતેશભાઈ પ્રેમાભાઈ ચૌધરી, કારોબારી અધ્યક્ષ તરીકે જતીનભાઈ બાબુભાઈ ચૌધરી, પક્ષના નેતા તરીકે કમલેશભાઈ જશવંતભાઈ ચૌધરી તથા દંડક તરીકે સુમિત્રાબેન રાયસિંગભાઈ વસાવાનાં નામનાં ફોર્મ ભરી દીધાં છે. હવે આગામી ૨૩ મે, શનિવારના રોજ યોજાનારી ખાસ બેઠકમાં હોદ્દેદારોની સત્તાવાર વરણી થશે.

# બારડોલી તા.પં.માં પ્રમુખ પદે મયૂર રાઠોડ, ઉ.પ્ર. પદે હેમંતસિંહ બારડ

**આજે** સામાન્ય સભામાં વિધિવત વરણી કરવામાં આવશે



બારડોલીઃ બારડોલી તાલુકા પંચાયતમાં આજે પ્રમુખ-ઉપપ્રમુખની વરણી માટે ઉમેદવારીપત્રો ભરવામાં આવ્યા હતા. બારડોલીની 22માંથી 21 બેઠક પર ભાજપે કબજો મેળવ્યો છે. જ્યારે એક અસ્તાન બેઠક પર ઉમેદવારનું નિધન થતાં રવિવારના રોજ ચૂંટણી થવાની છે. પ્રમુખ તરીકે વરાડ બેઠકના ઉમેદવાર મયુર રાઠોડ અને ઉપપ્રમુખ તરીકે વડોલી બેઠકના ઉમેદવાર હેમંતસિંહ બારડે ઉમેદવારી નોંધાવી હતી. અન્ય કોઈ ઉમેદવારીપત્ર નહીં ભરાતાં તેઓ બિનહરીફ વિજેતા જાહેર થયા હતા.

શનિવારના રોજ મળનારી પ્રથમ સામાન્ય સભામાં તેમના નામની વિધિવત જાહેરાત કરવામાં આવશે. ચૂંટણી અધિકારી મહેશ શિરોયાની ઉપસ્થિતિમાં યોજાયેલી આ ચૂંટણી પ્રક્રિયામાં સુરત જિલ્લા ભાજપના ઉપપ્રમુખ ભાવેશ પટેલ મેન્ડેટ લઈને આવ્યા હતા. જેમાં પ્રમુખ તરીકે વરાડ બેઠકના મયૂરભાઈ રાઠોડ અને ઉપપ્રમુખ તરીકે વડોલી બેઠકના હેમંતસિંહ બારડના નામની જાહેરાત કરી હતી. બંને ઉમેદવારોએ પોતપોતાની ઉમેદવારી નોંધાવી હતી. અન્ય કોઈ ઉમેદવારી નહીં આવતા તેમની શનિવારના રોજ પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને મળનારી બેઠકમાં વિધિવત વરણી કરવામાં આવશે. આ ઉપરાંત પક્ષ દ્વારા કારોબારી અધ્યક્ષ તરીકે મઢી બેઠકના મનોજભાઈ ચૌધરી, શાસક પક્ષના નેતા તરીકે સુરેશગીરી ગૌસ્વામી, અને દંડક તરીકે જાગૃતિબેન હળપતિના નામની જાહેરાત કરવામાં આવી છે. જો કે, 50 ટકા અનામતની વાતો કરતી ભાજપે બારડોલી તાલુકા પંચાયતમાં મહિલાને મહત્ત્વનો હોદ્દો નહીં આપતાં અનેક ચર્ચાઓ થઈ રહી છે.

### કડોદ ગામની ઉપેક્ષા થતાં સ્થાનિકોમાં ભારે આક્રોશ

કડોદઃ બારડોલી તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી અધ્યક્ષની વરણીમાં ભાજપના ગઢ સમાન અને સૌથી વધુ વસતી ધરાવતા કડોદ ગામના વિજેતા ઉમેદવારને કોઈ સ્થાન ન મળતાં ગ્રામજનોમાં ભારે આક્રોશ છે. એક સમયે 'મિની ગાંધીનગર' ગણાતા કડોદમાં આંતરિક ખેંચતાણ, અંગત સ્વાર્થ અને આર્થિક રાજકારણને કારણે ભાજપના જ કાર્યકરો એકબીજાને નીચા પાડી રહ્યા છે. પરિણામે, ગામનો વિકાસ રૂંધાયો છે અને જીતેલા ઉમેદવારો હોદ્દાથી વંચિત રહેતાં સ્થાનિક ભાજપ સંગઠન સામે નારાજગી વ્યાપી છે.

# અંબિકા-મહુવા તાલુકા પંચાયતમાં ભાજપનું શાસન નિશ્ચિત, નવા હોદ્દેદારો જાહેર

**પ્રમુખ**, ઉપપ્રમુખ સહિત વિવિધ સમિતિઓ માટે મેન્ડેટ જાહેર થતાં કાર્યકરોમાં ઉત્સાહ


મેહુલ પટેલ

અનાવલઃ તા.પં.માં પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ વિવિધ સમિતિઓના અધ્યક્ષોની વરણી માટે ભાજપ દ્વારા મેન્ડેટ જાહેર કરાયા છે. અંબિકા-મહુવા તા. પં.માં ભાજપને સ્પષ્ટ બહુમતી મળતાં પક્ષે નક્કી કરેલા ઉમેદવારોનાં નામો જાહેર કરાયાં હતાં. અંબિકા તા.પં.માં પ્રમુખ તરીકે શિલ્પાબેન રાકેશભાઈ પટેલની પસંદગી કરવામાં આવી છે. ઉપપ્રમુખ પદે અનિલકુમાર હરકિશનભાઈ મૈસુરીયાને જવાબદારી સોંપવામાં આવી છે. કારોબારી અધ્યક્ષ તરીકે રેખાબેન સોમાભાઈ પટેલની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે પક્ષના નેતા તરીકે ધમેશભાઈ સતીષભાઈ પટેલની વરણી કરવામાં આવી છે. અન્ય સભ્ય તરીકે તારાબેન રાજેશભાઈ પટેલને સ્થાન આપવામાં આવ્યું છે. મહુવા તાલુકા પંચાયતમાં પ્રમુખ પદે દિવેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલની પસંદગી કરવામાં આવી છે. ઉપપ્રમુખ તરીકે ક્રિષ્નાબેન મોહનીશકુમાર ચૌહાણની વરણી કરવામાં આવી છે. કારોબારી અધ્યક્ષ તરીકે દિનેશભાઈ મોહનભાઈ પાનવાલાને જવાબદારી સોંપવામાં આવી છે. પક્ષના નેતા તરીકે ભાવિનકુમાર દિનેશભાઈ ચૌધરીની પસંદગી કરવામાં આવી છે. અન્ય સભ્ય તરીકે સોનલબેન તેજસભાઈ પટેલને સ્થાન આપવામાં આવ્યું છે.

# તાપી જિલ્લાની 8 તા.પં.માં પ્રમુખ સહિતના હોદ્દા માટે આજે નિર્ણય

**વ્યારા**, ઉકાઈ, નિઝર અને કુકરમુંડામાં આદિવાસી મહિલાને સુકાન સોંપાશે

વ્યારાઃ વ્યારા સહિત જિલ્લાના 8 તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારોની પસંદગી કરવામાં માટે આજે જિલ્લાના તમામ 8 તાલુકા પંચાયતનાં ચૂંટાયેલા સભ્યોની સત્તાવાર રીતે સામાન્ય સભા યોજીને પ્રમુખ, ઉપપ્રમુખ સહિતના વિવિધ હોદ્દેદારોની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. ત્યારે જિલ્લામાં વ્યારા, ઉકાઇ, નિઝર અને કૂકરમુંડા તાલુકા પંચાયતનાં પ્રમુખ તરીકે આદિવાસી મહિલાને સુકાન સોંપવામાં આવશે. જ્યારે સોનગઢ, ઉચ્છલ, ડોલવણ અને વાલોડ તાલુકા પંચાયતમાં આદિવાસી ઉમેદવાર પંચાયત પ્રમુખની ખુરશી પર બિરાજમાન થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે તાપીમાં જિલ્લા મથક વ્યારા તાલુકા પંચાયત કોંગ્રેસના ફાળે ગઈ છે. જ્યારે સોનગઢ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ અને ભાજપને 9-9 બેઠકો મળતાં ટાઈ થઈ હતી. ત્યારે સોનગઢ તાલુકા પંચાયતમાં ભાજપ અને કોંગ્રેસમાંથી કોણ સત્તા પર બેસશે તે જોવું રસપ્રદ બાબત બની રહેશે. તેમજ ઉકાઇ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ, ભાજપ અને આમ આદમી પાર્ટીમાંથી કોઈને સ્પષ્ટ બહુમતી મળી નથી, ત્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સાથે મળી ઉકાઇ તાલુકા પંચાયતની સત્તાની કમાન સંભાળશે તેવી શક્યતા રહેલી છે. આ ઉપરાંત જિલ્લામાં ઉચ્છલ , વાલોડ, ડોલવણ, નિઝર, કુકરમુંડા તાલુકા પંચાયતની સત્તા ભાજપનાં હાથમાં રહેશે.

### વાલોડ તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની આજે વરણી થશે

વાલોડઃ વાલોડ તાલુકા પંચાયતની ચૂંટણી પૂર્ણ થયા બાદ હવે આગામી અઢી વર્ષ માટે પ્રમુખ અને ઉપપ્રમુખની વરણીને લઈ રાજકીય ચહલપહલ તેજ બની હતી. તા. 23 મેના રોજ તાલુકા પંચાયત હોલ ખાતે પ્રથમ સામાન્ય સભા યોજાનાર છે, જેમાં વ્યારા પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે. શુક્રવારે ભાજપ તરફે ધીરેનકુમાર બાલુભાઇ ગામીત પ્રમુખ તરીકે અને જ્યોત્સનાબેન આહીરે ઉપપ્રમુખ તરીકે દાવેદારી કરી હતી, જેની સામે કોંગ્રેસ તરફે અંકિતકુમાર રમેશભાઈ પટેલે પ્રમુખ તરીકે તથા કંકુબેન લક્ષ્મણભાઈ ચૌધરીએ દાવેદારી કરી છે. હાલ ભાજપના 11 સભ્યો ચુંટાઈ આવ્યા હોય પ્રમુખ તરીકે ધીરેનકુમાર ગામીત તથા જ્યોત્સનાબેન આહીર ઉપપ્રમુખ તરીકે સીધી રેસમાં હોય સભ્ય સંખ્યાના આધારે ચુંટાઈ આવશે, પરંતુ 11 સભ્યોને લઈ ભાજપના તાલુકા સંગઠન કોઇપણ જોખમ ન લઈ સલામત સ્થળે પહોંચી ગયા છે. આવતીકાલે 11 કલાકે ચિત્ર બહાર આવશે. બીજી તરફ કોંગ્રેસ પ્રમુખ સતિષભાઈ ચૌધરીએ પણ પોતાના પાંચ જેટલા સભ્ય સાથે પ્રમુખ-ઉપપ્રમુખ માટે દાવેદારી કરવા તાલુકા કચેરી આવી ગયા હતા, આવતીકાલે જો કોઈ ઊંચનીચ ના થાય તો ધીરેન ગામીત પ્રમુખ તરીકે અને જ્યોત્સનાબેન આહીર ઉપપ્રમુખ તરીકે સત્તારૂઢ થશે અને આવનારી સામાન્ય સભામાં કારોબારી અધ્યક્ષ, ન્યાય સમિતિ સહિતના પદાધિકારીઓની નિમણૂક કરવામાં આવશે.

# પલસાણા તા.પં.માં અશ્વનીબેન વાંસીયા પ્રમુખ, મુકેશભાઈ રાઠોડ ઉપપ્રમુખ


ઈલ્યાસ શેખ

**કારોબારી** અધ્યક્ષ તરીકે હેમંતભાઈ પટેલની પસંદગી

પલસાણાઃ પલસાણા તાલુકા પંચાયતની ચૂંટણી બાદ શુક્રવારે પ્રમુખ અને ઉપપ્રમુખ સહિતના વિવિધ હોદ્દેદારોની નિમણૂક પ્રક્રિયા સંપન્ન થઈ હતી.

સત્તાવાર કાર્યક્રમમાં જિલ્લા સંગઠન કોષાધ્યક્ષ યોગેશભાઈ પટેલ દ્વારા પક્ષનું મેન્ડેટ રજૂ કરવામાં આવ્યું હતું. પલસાણા તાલુકા પંચાયત પ્રમુખની બેઠક સામાન્ય સ્ત્રી માટે અનામત હોવાથી, બગુમરા બેઠક પરથી વિજેતા બનેલા અશ્વનીબેન નિકુંજસિંહ વાંસીયાના નામની પ્રમુખ તરીકે જાહેરાત કરવામાં આવી હતી. તેમની સામે અન્ય કોઈ ફોર્મ ન ભરાતાં તેઓ બિનહરીફ પ્રમુખ જાહેર થયા હતા. આ જ રીતે, ઉપપ્રમુખ પદ માટે મુકેશભાઈ દિનેશભાઈ રાઠોડના નામની જાહેરાત થતાં તેઓ પણ બિનહરીફ ચુંટાઈ આવ્યા હતા. અન્ય મહત્ત્વની જવાબદારીઓમાં, કારોબારી અધ્યક્ષ તરીકે હેમંતભાઈ ઉર્ફે સુનીલભાઈ ભીખુભાઈ પટેલની પસંદગી કરવામાં આવી છે. જ્યારે શાસક પક્ષના નેતા તરીકે ગીરીશભાઈ ઈશ્વરભાઈ પટેલ અને દંડક તરીકે મિતાલીબેન યોગેશભાઈ પટેલની નિમણૂક કરવામાં આવી છે. આ પ્રસંગે બારડોલી વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર, સંગઠન મંત્રી ડો.કૃષ્ણકુમાર પાંડે, તાલુકા ભાજપ પ્રમુખ કૃણાલભાઈ પટેલ, મહામંત્રીઓ, સામાજિક અગ્રણી કેતનભાઈ પટેલ અને કમલેશભાઈ નાયક સહિત માજી પ્રમુખો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ઓલપાડ તા.પં.ના પ્રમુખ અને ઉપપ્રમુખ માટે ફોર્મ ભરાયાં

**ભાજપના** ઉમેદવારોની બિનહરીફ વરણી થવાનો માર્ગ મોકળો

સાયણઃ ઓલપાડ તાલુકા પંચાયતમાં આગામી અઢી વર્ષની મુદત માટે પ્રમુખ અને ઉપપ્રમુખ સહિતના મહત્ત્વના હોદ્દાઓ પર ભાજપના ઉમેદવારોની બિનહરીફ વરણી થવાનો માર્ગ મોકળો બન્યો છે. ગુજરાત પ્રદેશ ભાજપ મોવડી મંડળ દ્વારા તમામ હોદ્દાઓ માટે સીલબંધ મેન્ડેટ જાહેર કરાતાં રાજકીય ગરમાવો શાંત થયો છે. શુક્રવારે સાંસદ મુકેશભાઈ દલાલ અને ધારાસભ્ય મુકેશભાઈ પટેલની હાજરીમાં ૨૪ વિજેતા સદસ્યોની એક અનોપચારિક બેઠક મળી હતી, જેમાં વ્હીપ જારી કરીને તમામ સભ્યોને મેન્ડેટની જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ શુક્રવારે જ નેતાઓની હાજરીમાં ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યાં હતાં. પ્રમુખ પદ (બક્ષીપંચ સામાન્ય) માટે પિંજરત સીટના વિજેતા પીયૂષ બળવંતભાઈ પટેલ અને ઉપપ્રમુખ પદ માટે ટકારમા સીટનાં મહિલા સદસ્ય મેઘનાબેન કેવલભાઈ પટેલે ઉમેદવારી નોંધાવી છે. શનિવારે સવારે ૧૧ કલાકે પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં યોજાનારી ખાસ સામાન્ય સભામાં આ તમામ હોદ્દેદારોની સત્તાવાર જાહેરાત કરાશે. ભાજપે જ્ઞાતિ સમીકરણોને આધારે પદોની વહેંચણી કરી છે, જેમાં તળપદા કોળી પટેલ સમાજના પીયૂષ પટેલને પ્રમુખ પદ, કાળાચુડા કડવા પાટીદાર સમાજના મેઘનાબેન પટેલને ઉપપ્રમુખપદ, ખારવા-માછી સમાજના ભાવેશ નાતાલીને કારોબારી અધ્યક્ષ પદ, લેઉવા પાટીદાર સમાજના કિરીટ પટેલને ઈતિહાસમાં પહેલી વખત શાસક પક્ષના નેતાનું પદ અને હળપતિ સમાજના અમૃત રાઠોડને દંડકનું પદ સોંપાયું છે. ધારાસભ્ય મુકેશભાઈ પટેલે ખાતરી આપી છે કે બાકી રહેલા સમાજના વિજેતા સદસ્યોને આગામી અઢી વર્ષની બીજી ટર્મમાં યોગ્ય હોદ્દો આપવામાં આવશે. આ મેન્ડેટ પ્રથાથી ઓલપાડ તાલુકા પંચાયત પર ભાજપનો ભગવો ફરી લહેરાયો છે.

### ઓલપાડના અસ્નાબાદમાં જુગાર રમતા ૯ ઝડપાયા

સાયણઃ ઓલપાડના અસનાબાદ ગામની મુરલીલેક સિટી રેસિડેન્સીમાં સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે દરોડો પાડી જુગાર રમતા ૯ આરોપીને રૂ. ૬,૩૮,૩૦૦ના મુદ્દામાલ (રોકડા રૂ.૧,૧૩,૩૦૦ અને ૫ મોબાઈલ) સાથે ઝડપી લીધા હતા. પરકડાયેલા આરોપીઓમાં સુરેશ કાનાભાઈ ચાવડા (રહે.,મુરલીલેક સિટી, અસ્નાબાદ), લાખા બચુભાઈ કરમુર (રહે., શ્યામ વીલા સોસાયટી, કામરેજ), રામ રમણભાઈ ગોજીયા (રહે.,સૂર્યાન્સી રેસિડેન્સી, ચોર્યાસી), પરબત કેશુભાઈ ગોજીયા (રહે.,ચોર્યાસી, કામરેજ), ચંદ્રેશ નારાયણ જોષી (રહે., ગોપાલનગર, કામરેજ), રાજેશ ભુદરભાઈ ભલગામડિયા (રહે.,રાધેશ્યામ સોસાયટી, કતારગામ), કરશન જીવાભાઈ ગોજીયા (રહે.,વાઘનેરા, માંડવી), રાજુ ગાંડાલાલ પટેલ (રહે.,મુરલીલેક્સ સિટી, અસ્નાબાદ) અને સંજય ભીખાભાઈ ચાવડા (રહે., સાંઈતીર્થ રેસિડેન્સી, અડાજણ)નો સમાવેશ થાય છે. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી જેલભેગા કર્યા છે.

# કામરેજ તા.પં.ના પ્રમુખ તરીકે કૌશલ પટેલ અને ઉપપ્રમુખ પદે સુમનબેન રાઠોડ

કામરેજઃ સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્ણ થયા બાદ કામરેજ તાલુકા પંચાયતમાં ભાજપની સ્પષ્ટ બહુમતી આવતા શુક્રવારના રોજ પ્રમુખ તરીકે કૌશલ પટેલ તેમજ ઉપપ્રમુખ પદે સુમનબેન રાઠોડ મેન્ડેટ આપવામાં આવ્યો હતો. કામરેજ તાલુકા પંચાયતની કુલ 20 બેઠકોમાંથી ત્રણ આમ આદમી પાર્ટી,એક અપક્ષ ચૂંટાઈને આવ્યા હતા. જ્યારે ભાજપના કુલ 16 સભ્યો ચૂંટાઈને આવતા સ્પષ્ટ બહુમતી મળતા શુક્રવારના રોજ આગામી અઢી વર્ષ માટે પ્રમુખ,ઉપપ્રમુખ પદ માટે ફોર્મ ભરવામાં આવ્યા હતા. જેમાં ભાજપના મહામંત્રી રોહિત પટેલ તેમજ કિસાન મોરચાના મહામંત્રી વિમલ પટેલ પાર્ટીના મેન્ડેટ લઈને તાલુકા વિકાસ અધિકારી પ્રકાશ પટેલને પ્રમુખ તરીકે કૌશલ પટેલ તેમજ ઉપપ્રમુખ પદે સુમનબેન રાઠોડના ફોર્મ ભરવામાં આવ્યા હતાં. જો કે ભાજપની સ્પષ્ટ બહુમતી હોવાથી બીજા કોઈએ ઉમેદવારી કરી નથી. જેના લઈને શનિવારના રોજ સામાન્ય સભામાં આગામી અઢી વર્ષ માટે પ્રમુખ અને ઉપપ્રમુખની જાહેરાત કરવામાં આવશે. જ્યારે કારોબારી અધ્યક્ષ તરીકે વિશાલસિંહ દેસાઈ, શાસક પક્ષ નેતા તરીકે કિશોર દુધાત અને દંડક તરીકે સીમાબેન જયેશભાઈ પટેલ(ડુંગરા)ની નિમણૂક કરવામાં આવી છે.

# માંગરોળ અને ઉમરપાડા તાલુકામાં પ્રમુખ-ઉપપ્રમુખની વરણી થશે

વાંકલઃ માંગરોળ તાલુકા પંચાયત પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટે હાલ સસ્પેન્સ યથાવત છે. ત્યારે સંભવતઃ પ્રમુખ પદે સંગીતાબેન ગામીત, ઉપપ્રમુખ રાજુભાઈ પટેલ, જ્યારે ઉમરપાડા તાલુકા પંચાયત પ્રમુખ પદ માટે ઉમરપાડા તાલુકા પંચાયતના પ્રમુખ પદ માટે સપનાબેન વસાવા, ઉપપ્રમુખ અમરસીંગ બાંગાભાઈ વસાવાનાં નામોની ચર્ચા છે.

# અંકલેશ્વર GIDCમાં સરોવર પેલેસમાં આગ

**આગની** ઘટનાને લઈ આસપાસના વેપારીઓ અને સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો

**ફાયર** વિભાગની સમયસર કામગીરીથી મોટી દુર્ઘટના ટળી

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં ગોલ્ડન પોઈન્ટ ચોકડી નજીક આવેલ સરોવર પેલેસ ખાતે શોર્ટ સર્કિટના કારણે વીજ મીટરમાં આગ લાગવાની ઘટના સામે આવી હતી. આગ લાગતા વિસ્તારમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને આસપાસના વેપારીઓ તેમજ રહિશોમાં ભય ફેલાયો હતો.

સરોવર પેલેસ ખાતે અચાનક વીજ મીટરમાંથી ધુમાડા નીકળતા આગ ભભૂકી ઊઠી હતી. ઘટનાની જાણ થતાં જ ડીપીએમસી ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ પાઉડર ફોમનો ઉપયોગ કરી આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. ફાયર વિભાગની સમયસર કામગીરીને કારણે આગ વધુ ફેલાતી અટકાવવામાં સફળતા મળી હતી, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ ન હોવાનું પણ સામે આવ્યું છે. આગની ઘટનાને લઈ આસપાસના વેપારીઓ અને સ્થાનિકોમાં ચિંતા વ્યાપી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

# ભરૂચ જિ.પં.માં પ્રમુખ-ઉપપ્રમુખ પદની વરણી માટે આજે બેઠક

ભરૂચઃ ભરૂચ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ પદની વરણી માટે શનિવારે તા.23 મેના રોજ પ્રથમ બેઠક યોજાશે. આ બેઠકમાં ભાજપે પ્રમુખ પદ માટે ડિમ્પલબેન રાજના નામની જાહેરાત કરી છે. જેના પગલે ઝઘડિયાને સતત બીજી ટર્મમાં જવાબદારી મળી છે.

પાર્ટી હાઈકમાન્ડે તમામ ચુંટાયેલા સભ્યોની દાવેદારીને ધ્યાને લઈ મનોમંથન કર્યા બાદ આ નિર્ણય લીધો છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના અંદાજે 7 જિલ્લામાં તમામ જ્ઞાતિઓને સમાવેશ કરવાની વ્યૂહરચના અંતર્ગત ક્ષત્રિય સમાજને કોઈપણ જિલ્લામાં પ્રતિનિધિત્વથી વંચિત



ન રહે તે માટે તખ્તો ગોઠવી દેવામાં આવ્યો હોવાનું જણાયું છે.

ભરૂચ જિલ્લા પંચાયતમાં કુલ 7 ક્ષત્રિય સભ્ય ચુંટાયા છે, અને આ તમામની સમાવેશકતાને ધ્યાનમાં રાખીને ડિમ્પલબેન રાજને પ્રમુખપદની જવાબદારી સોંપવામાં આવી છે.

ઉપપ્રમુખ અને કારોબારી અધ્યક્ષના હોદ્દા પણ નક્કી આ ઉપરાંત ઉપપ્રમુખપદે અજીતભાઈ વસાવા, તેમજઅન્ય હોદ્દાઓની જવાબદારી સોંપવામાં આવી હોવાથી શુક્રવારે માલૂમ પડશે. આમ, જિલ્લા પંચાયતના સંચાલન માટે પાર્ટીએ સંતુલિત સમીકરણ સાથે નેતૃત્વની પસંદગી કરી છે.

આ બેઠક આજે શનિવારે યોજાશે, જેમાં ઔપચારિક રીતે હોદ્દાઓ પર નિર્ણય લેવાય તેવી શક્યતા છે.

**જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં**

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૪૨/૨૦૨૬

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૨૧/૫/૨૦૨૬

વાદી: આરતીબહેન હરીશભાઈ પટેલ, રહે. મુ.પો.કપુરા, તા.વ્યારા, જી.તાપી, પીનકોડ-૩૯૪૬૫૫

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી નનસાડ, નનસાડ ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી આરતીબહેન હરીશભાઈ પટેલનો જન્મ તા.11/07/1984 ના રોજ નનસાડ, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૨૫/૬/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૧/૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૬૫/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વાદી :- નયનાબેન તે કેશવભાઇ ગામીતની પુત્રી અને રાકેશભાઇ ગામીતની પત્ની, રહે.નરેણ, આશ્રમ ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૩.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી નરેણ ગ્રા.પ., તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૩

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી નયનાબેન તે કેશવભાઇ ગામીતની પુત્રી અને રાકેશભાઇ ગામીતની પત્ની, રહે.નરેણ, આશ્રમ ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૩એ તેઓના પોતે નયનાબેન કેશવભાઇ ગામીતનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામઃ નયનાબેન કેશવભાઇ ગામીત ૨. જન્મ તારીખઃ ૦૧/૦૬/૧૯૭૭ ૩. જન્મનું સ્થળઃ મોજે.નરેણ, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે નયનાબેન કેશવભાઇ ગામીતના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૫/૦૬/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૮૫/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વાદી :- જયેશભાઇ ગોવિંદભાઇ ગામીત, રહે.મુ.ખોડાંબા, ચોરા ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૩.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ખોડાંબા ગ્રા.પં., તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૩

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી જયેશભાઇ ગોવિંદભાઇ ગામીત, રહે. મુ.ખોડાંબા, ચોરા ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૩એ તેઓના પુત્રી ક્રિષાબેન જયેશભાઇ ગામીતનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામઃ ક્રિષાબેન જયેશભાઇ ગામીત ૨. જન્મ તારીખઃ ૦૫/૦૬/૨૦૨૨ ૩. જન્મનું સ્થળઃ મોજે.ખોડાંબા, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે ક્રિષાબેન જયેશભાઇ ગામીતના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૨/૦૭/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

